## સુરત શહેરના જુદા જુદા વિસ્તારમાંથી માદક ડ્રગ્સ તથા ગાંજાનો વિપુલ પ્રમાણમાં જથ્થો પકડી પાડી આરોપીઓને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ કર્મચારીઓએ NDPS ના કેસો શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સ્પેશ્યલ ઝુંબેશ ઉપાડી આધારભુત બાતમી હકિકત આધારે વર્ક આઉટમાં રહી માદક ડ્રગ્સ તથા ગાંજાનો વિપુલ પ્રમાણમાં જથ્થો પકડી પાડી નીચે મુજબના NDPS ના કેસો શોધી કાઢી પ્રશંસનિય કામગીરી કરેલ છે.

(૧) ડી.સી.બી.પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર શ્રી તથા તેમનો સ્ટાફ સાથે ઘર નંબર.૧૧/૧૮૪૧, દાર-એ-ગની બિલ્ડીગ વિભાગ-૦૨, ગ્રાઉન્ડ ફ્લોર, સોદાગરવાડ, સુરત શહેર ખાતે રેડ કરતા સદરહુ મકાનમાંથી બે ઇસમો નામે (૧) અબ્દુલકાદર અબ્દુલગની ડોબીવાલા ઉ.વ. ૪૫ તથા તેનો પુત્ર (૨) ઉસ્માનગની ઉર્ફે સલમાન અબ્દુલકાદર ડોબીવાલા ઉ.વ.૨૩ બન્ને રહેવાસી.૧૧/૧૮૪૧, દાર-એ-ગની બિલ્ડીગ વિભાગ-૦૨, સોદાગરવાડ, સુરતનાઓ પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો કુલ્લે વજન ૧૩૩ ગ્રામ કિંમત રૂપિયા ૧૩,૩૦,૦૦૦/- સાથે પકડી પાડી તેઓને મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો આપનાર મુંબઇ સાકીનાકા પેનનસુલા હોટલની ગલીમાં રહેતા મહેંદી ઉર્ફે મોહમદ ઝૈદ નામના ઇસમને વોન્ટેડ જાહેર કરી નીચે મુજબની વસ્તુઓ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
(૧) મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો કુલ્લે વજન ૧૩૩ ગ્રામ કિંમત રૂપિયા ૧૩,૩૦,૦૦૦/-. (૨) મોબાઇલ ફોન નંગ-૩ કુલ કિંમત રૂપિયા ૧૧,૦૦૦/-. (૩) રોકડા રૂપિયા ૯,૬૪૦/-. (૪) ડીજીટલ વજન કાંટા નંગ-૧ કિંમત રૂપિયા ૩૦૦/-. (૫) DELL કંપનીનુ એક લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- . (૬) આધારકાર્ડ નંગ-૨ કિંમત રૂપિયા ૦૦/૦૦. (૭) પાસપોર્ટ સાઇઝના ફોટાઓ કિંમત રૂપિયા ૦૦/૦૦. (૮) એક કાળા તથા આર્મી ડ્રેસના કલરવાળી બેગ કિંમત રૂપિયા ૦૦/૦૦. (૯) બેન્ક ઓફ બરોડા, શાહપોર શાખાની ઉસ્માનગની અબ્દુલકાદર ડોબીવાલાની પાસબુક નંગ-૧ કિંમત રૂપિયા ૦૦/૦૦. (૧૦) ઘર નંબર ૧૧/૧૮૪૧/એ નું ટોરેન્ટ પાવરનુ અસલ લાઇટબીલ નંગ-૧ કિંમત રૂપિયા ૦૦/૦૦ તમામની કુલ કિંમત:-૧૩,૭૮,૨૪૦/-.
(૨) ક્રાઇમ બ્રાન્ચના પોલીસ માણસો વર્ક આઉટમા રહી આરોપી- ચન્દ્રસિંહ પ્રતાપસિંહ સિસોદીયા ઉ.વ.૨૯ રહેવાસી. ઘર નંબર ૧૭૨, બાલુ મહારાજનો ટેકરો, શ્રીજી કોમ્પ્લેક્ષની પાછળ એ.કે.રોડ વરાછા, સુરતનાઓ તેના કબ્જાના TATA YODHA કંપનીના ફોર વ્હીલ ટેમ્પો નંબર GJ-05-CU-0178માં નારીયેળના થેલાની આડમાં વગર પાસ પરમીટનો ગેરકાયદેસર ગાંજાનો વિપુલ પ્રમાણમાં જથ્થો ૨૨૦ કિલો ૪૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૨,૦૪,૦૦૦/- ની મત્તાનો હેરાફેરી કરતા કતારગામ ગજેરા સર્કલની આગળ દિવ્ય જયોત સોસાયટીના ગેટ પાસે જાહેર રોડ ઉપર પકડી પાડી તેના કબ્જામાંથી મળી આવેલ ગાંજા બાબતે પુછપરછ કરતા મળી આવેલ ગાંજાનો જથ્થો વિકી નામના ઇસમે ભરાવી આપેલ હોવાનુ જણાવતા તેને વોન્ટેડ જાહેર કરી નીચે મુજબની ચીજવસ્તુ તપાસ અર્થે કબ્જે કરેલ છે.
(૧) ગાંજાનો જથ્થો ૨૨૦ કિલો ૪૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૨,૦૪,૦૦૦/-. (૨) TATA YODHA ફોર વ્હીલ ટેમ્પો નંબર GJ-05-CU-0178 કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/-. (૩) મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૬,૦૦૦/-. (૪) રોકડા રૂપિયા ૧૦૫૦/-. (૫) નારીયેળના થેલા નંગ-૨૬ કિંમત રૂપિયા ૧૦,૪૦૦/-. કુલ્લે કિંમત રૂપિયા ૩૨,૨૧,૪૫૦/-.